# Children's

## RESEARCH UNIVERSITY




# ? FAQ

# Frequently Asked Questions (FAQs) by the scholars of Doctor of Philosophy (Ph.D.) Programme

## offered by

## Children's Research University, Gandhinagar

**Prepared By: Department of Research Program**

**ખાસ સુચના:** કોઈ પ્રશ્ન અને તેના જવાબના અર્થઘટન માટે અંગ્રેજી FAQs માન્ય ગણવામાં આવશે.

| પ્રશ્ન નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| 1 | ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ખાતે Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ અંગે માહિતી કેવી રીતે મળશે? | Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ અંગેની જાહેરાત રાજ્યના અગ્રણી અખબારોમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે, તેમજ યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ www.cugujarat.ac.in પર પણ મૂકવામાં આવે છે. |
| 2 | ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં Ph.D. પ્રોગ્રામમાં ઉપલબ્ધ વિષયો અને માર્ગદર્શકો વિશે માહિતી કેવી રીતે મળશે? | Ph.D. પ્રોગ્રામમાં આપવામાં આવતા વિષયોની યાદી તથા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ માર્ગદર્શકોની યાદી યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ www.cugujarat.ac.in ના Research Programવિભાગમાં મૂકવામાં આવે છે તથા નીચેની લિંક દ્વારા પણ માહિતી મેળવી શકાય છે. https://www.cugujarat.ac.in/ResearchProgrammePhD/Subject_Supervisor |
| 3 | શું Ph.D. પ્રવેશ વિશે જાહેરાત માટે કોઈ નક્કી સમયપત્રક હોય છે? | ખાલી બેઠકોની ઉપલબ્ધતા મુજબ સામાન્ય રીતે પ્રવેશ પ્રક્રિયા માર્ચ અને/અથવા ઑક્ટોબર મહિનામાં શરૂ થાય છે. |
| 4 | Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ માટે કોણ અરજી કરી શકે? | 4 વર્ષ/8 સેમેસ્ટરની સ્નાતક ડિગ્રી બાદ 1 વર્ષ/2 સેમેસ્ટરની માસ્ટર ડિગ્રી પૂર્ણ કરેલ ઉમેદવાર અથવા 3 વર્ષીય સ્નાતક ડિગ્રી બાદ 2 વર્ષ/4 સેમેસ્ટરની માસ્ટર ડિગ્રી પૂર્ણ કરેલ ઉમેદવાર, અથવા સંબંધિત વૈધાનિક નિયામક સંસ્થાએ માસ્ટર ડિગ્રી સમકક્ષ જાહેર કરેલી લાયકાત ધરાવતા ઉમેદવારો Ph.D. કાર્યક્રમ માટે પાત્ર રહેશે.<br>ઉમેદવારને કુલ મળીને ઓછામાં ઓછા 55% ગુણ અથવા જ્યાં ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં હોય ત્યાં તેના સમકક્ષ ગ્રેડ હોવો જરૂરી છે. વિદેશી શૈક્ષણિક સંસ્થામાંથી પ્રાપ્ત લાયકાત માટે, તે સંસ્થા સંબંધિત દેશના કાયદા હેઠળ સ્થાપિત અથવા માન્ય સત્તા દ્વારા માન્ય, માન્યતા પ્રાપ્ત અથવા અધિકૃત મૂલ્યાંકન અને માન્યતા એજન્સી દ્વારા માન્ય થયેલી હોવી જોઈએ.<br>આ ઉપરાંત, Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ માટેની પાત્રતા UGC દ્વારા સમયાંતરે જાહેર કરવામાં આવતી માર્ગદર્શિકાઓ અનુસાર રહેશે. |

| | | |
|---|---|---|
| 5 | શું યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય સંશોધકોને Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ મળે છે? | હા, ભારત સરકાર દ્વારા સમયાંતરે જારી કરવામાં આવતી માર્ગદર્શિકાઓ મુજબ, યુનિવર્સિટીને સંબોધીને માન્ય Research Visa ધરાવતા આંતરરાષ્ટ્રીય સંશોધકોને યુનિવર્સિટી દ્વારા Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ આપવામાં આવે છે. |
| 6 | શું આંતરરાષ્ટ્રીય સંશોધકોને Ph.D. પ્રવેશ પરીક્ષા (PET)માંથી મુક્તિ આપવામાં આવે છે? | હા |
| 7 | શું અનામત વર્ગના વિધાર્થીઓને અનુસ્નાતક સ્તરે જરૂરી 55% ગુણમાં કોઈ છૂટછાટ આપવામાં આવે છે? | હા, રાજ્ય સરકારની અનામત નીતિ તથા UGC દ્વારા સમયાંતરે લેવાતા નિર્ણય મુજબ SC/ST/OBC (નોન-ક્રિમી લેયર)/ દિવ્યાંગ/આર્થિક રીતે નબળા વર્ગ (EWS) અને અન્ય અનામતપાત્ર વર્ગના ઉમેદવારોને 5% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટછાટ આપવામાં આવી શકે છે. |
| 8 | શું 4 વર્ષ/8 સેમેસ્ટરની સ્નાતક ડિગ્રી ધરાવતો વિધાર્થી Ph.D. પ્રોગ્રામ માટે પાત્ર છે? | હા, 4 વર્ષ/8 સેમેસ્ટરની સ્નાતક ડિગ્રી ધરાવતો ઉમેદવાર કુલ મળીને ઓછામાં ઓછા 75% ગુણ અથવા જ્યાં ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં હોય ત્યાં તેના સમકક્ષ ગ્રેડ ધરાવતો હોય તો Ph.D. પ્રોગ્રામમાં માટે પાત્ર ગણાય છે. |
| 9 | શું 4 વર્ષ/8 સેમેસ્ટરની સ્નાતક ડિગ્રી ધરાવતા અનામત વર્ગના વિધાર્થીઓ માટે જરૂરી 75% ગુણમાં કોઈ છૂટછાટ આપવામાં આવે છે? | હા, રાજ્ય સરકારની અનામત નીતિ તથા UGC દ્વારા સમયાંતરે લેવાતા નિર્ણય મુજબ SC/ST/OBC (નોન-ક્રિમી લેયર)/ દિવ્યાંગ/આર્થિક રીતે નબળા વર્ગ (EWS) તથા અન્ય અનામતપાત્ર વર્ગના ઉમેદવારોને 5% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટછાટ આપવામાં આવી શકે છે. |
| 10 | શું M.Phil. ડિગ્રી ધરાવતો ઉમેદવાર Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ લઈ શકે છે? | હા, જેમણે M.Phil. પ્રોગ્રામ કુલ મળીને ઓછામાં ઓછા 55% ગુણ અથવા જ્યાં ગ્રેડિંગ પદ્ધતિ અમલમાં હોય ત્યાં તેના સમકક્ષ ગ્રેડ સાથે પૂર્ણ કર્યો હોય, તેમજ વિદેશી શૈક્ષણિક સંસ્થામાંથી સમકક્ષ લાયકાત ધરાવતા ઉમેદવારો Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ લઈ શકે છે. |
| 11 | શું M.Phil. સ્તરે જરૂરી 55% ગુણમાં અનામત વર્ગના વિધાર્થીઓને કોઈ છૂટછાટ આપવામાં આવે છે? | હા, રાજ્ય સરકારની અનામત નીતિ તથા UGC દ્વારા સમયાંતરે લેવાતા નિર્ણય મુજબ SC/ST/OBC (નોન-ક્રિમી લેયર)/ દિવ્યાંગ/આર્થિક રીતે નબળા વર્ગ (EWS) તથા અન્ય અનામતપાત્ર વર્ગના ઉમેદવારોને 5% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડની છૂટછાટ આપવામાં આવી શકે છે. |
| 12 | શું M.Phil. ડિગ્રી ધરાવવાના આધારે ઉમેદવારને PET માંથી મુક્તિ મળે છે? | ના |
| 13 | શું M.Phil. ડિગ્રી ધરાવતા ઉમેદવારને Ph.D. કોર્સવર્કમાંથી મુક્તિ મળે છે? | ના |
| 14 | શું Ph.D. પ્રોગ્રામમાંપ્રવેશ માટે કોઈ પ્રવેશ પરીક્ષા હોઈ છે? | હા, યુનિવર્સિટી દ્વારા બહુવિકલ્પી પ્રશ્નો (MCQ) આધારિત Ph.D. પ્રવેશ પરીક્ષા (CRU-PET) લેવામાં આવે છે. આ પરીક્ષામાં બે પેપર હોય છે:<br>(I) સંશોધન પદ્ધતિશાસ્ત્ર (Research Methodology) અને<br>(II) વિષયસંબંધિત પેપર. |

| | | |
|---|---|---|
| | | દરેક પેપરમાં 50 MCQs હોય છે અને દરેક પેપર માટે 100 ગુણ નક્કી કરવામાં આવેલ છે. આ પરીક્ષા CRU-PETમાંથી મુક્તિપાત્ર ન હોય તેવા તમામ ઉમેદવારો માટે ફરજિયાત છે. |
| 15 | CRU-PET માંથી કોને મુક્તિ આપવામાં આવે છે? | UGC-CSIR JRF તથા Ph.D. પ્રવેશની જાહેરાતની તારીખથી એક વર્ષની અંદર UGC-CSIR NET Assistant Professor/Ph.D. only અથવા GSET પરીક્ષા પાસ કરેલ ઉમેદવારને CRU-PET માંથી મુક્તિ આપવામાં આવે છે. |
| 16 | CRU-PETમાં કોણ લાયક જાહેર થાય છે? | Paper I અને Paper II, બંનેમાં મળીને કુલ 50% ગુણ મેળવનાર ઉમેદવારને CRU-PET માં લાયક (Qualified) જાહેર કરવામાં આવે છે |
| 17 | શું CRU-PET માં લાયક ઠરવા માટે જરૂરી 50% ગુણમાં અનામત વર્ગના વિધાર્થીઓને કોઈ છૂટછાટ આપવામાં આવે છે? | હા, રાજ્ય સરકારની અનામત નીતિ તથા UGC દ્વારા સમયાંતરે લેવાતા નિર્ણય મુજબ SC/ST/OBC (નોન-ક્રિમી લેયર)/ દિવ્યાંગ/ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) તથા અન્ય અનામતપાત્ર વર્ગના ઉમેદવારોને 5% ગુણની છૂટછાટ આપવામાં આવી શકે છે. |
| 18 | શું CRU-PET પાસ કર્યા બાદ ઉમેદવારને સીધો Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ મળે છે? | ના, CRU-PET પાસ કર્યા બાદ ઉમેદવારને સીધો Ph.D. કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવતો નથી. ઉમેદવારે યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે વ્યક્તિગત ઇન્ટરવ્યૂ (Personal Interview)આપવો ફરજિયાત છે અને તેમાં ઓછામાં ઓછા 50% ગુણ મેળવવા આવશ્યક છે. |
| 19 | શું CRU-PET માંથી મુક્તિ મળ્યા બાદ પણ Personal Interview (PI) માં હાજર રહેવું ફરજિયાત છે? | હા, CRU-PET માંથી મુક્તિ પ્રાપ્ત ઉમેદવારને પણ યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે વ્યક્તિગત ઇન્ટરવ્યૂ (PI) આપવો ફરજિયાત છે અને તેમાં ઓછામાં ઓછા 50% ગુણ મેળવવા આવશ્યક છે. |
| 20 | વ્યક્તિગત ઇન્ટરવ્યૂ (PI) માં મૂલ્યાંકન માટેના માપદંડ શું છે? | ઉમેદવારોનું મૂલ્યાંકન તેમના વિષયક્ષેત્રના જ્ઞાન, સંશોધન પદ્ધતિ અંગેની સમજ તેમજ સંશોધન પ્રસ્તાવ (Research Proposal)ની રજૂઆતના આધારે કરવામાં આવે છે. |
| 21 | શું ઉમેદવાર PI દરમિયાન રજૂ કરેલા સંશોધન પ્રસ્તાવ (Research Proposal) ને આધારે Ph.D. કાર્ય આગળ ચાલુ કરી શકે છે? | ના. સંશોધન પ્રસ્તાવનું અંતિમ નિર્ધારણ Research Advisory Committee (RAC) ની મીટીંગમાં કરવામાં આવે છે અને Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ પછી થિસિસનું શીર્ષક Research Quality Assurance Committee (RQAC) દ્વારા ફાઇનલ કરવામાં આવે છે. |
| 22 | Ph.D. પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન તથા પ્રવેશ તારીખ નક્કી કરવાની પ્રક્રિયા શું છે? | ફી ભરનાર તમામ વિધાર્થીઓની યાદી સાથેનું નોટીફીકેશન યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે.<br>ઉમેદવારની પ્રવેશ/રજીસ્ટ્રેશન તારીખ તરીકે યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ સેમેસ્ટરની શરૂઆતની તારીખ અથવા ફી ભર્યાની તારીખ બેમાંથી જે છેલ્લું હોય તે માન્ય ગણાશે. |

| | | |
|---|---|---|
| 23 | શું રજીસ્ટ્રડ Ph.D. સંશોધક Ph.D. પ્રોગ્રામની સાથે સાથે કોઈ પણ યુનિવર્સિટીમાંથી અન્ય કોઈ અભ્યાસક્રમ કરી શકે છે? | ના. નોંધાયેલ Ph.D. સંશોધકને Ph.D. પ્રોગ્રામની સાથે સાથે કોઈપણ યુનિવર્સિટીમાંથી અન્ય કોઈ અભ્યાસક્રમ કરવાનો પરવાનગી આપવામાં આવતી નથી.પરંતુ, RQACની મંજૂરી સાથે Ph.D. સંશોધકોને કોઈ પ્રમાણપત્ર (Certificate) અભ્યાસક્રમ કરવાની મંજૂરી આપી શકાય છે. જો કોઈ સંશોધક મંજૂરી વગર અન્ય કોઈ અભ્યાસક્રમ કરે છે તેમ જણાશે, તો તેનું Ph.D. રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે. |
| 24 | સંશોધન માર્ગદર્શક (Research Supervisor) ની ફાળવણી કરવાની પ્રક્રિયા શું છે? | ઇન્ડક્શન કાર્યક્રમ/ઓરિએન્ટેશન કાર્યક્રમ દરમિયાન Director, Centre of Educationની હાજરીમાં સંશોધનાર્થીઓ અને માર્ગદર્શકો વચ્ચે પરસ્પર ચર્ચા કરવામાં આવશે. શક્ય તેટલું, ઉમેદવારોને તેમના મેરીટ ક્રમ અનુસાર પોતાની પસંદગીના માર્ગદર્શક પસંદ કરવાની મંજૂરી આપવામાં આવશે અને જો માર્ગદર્શક સંમતિ આપે, તો ઉમેદવારને તે માર્ગદર્શક હેઠળ રજીસ્ટ્રડ કરવામાં આવશે.<br>જે ઉમેદવારો પરસ્પર સમજણથી માર્ગદર્શક પસંદ ન કરી શકે, એવા ઉમેદવારો માટે Director, Centre of Educationઅને સંબંધિત સંશોધન માર્ગદર્શક સંયુક્ત રીતે સંશોધન માર્ગદર્શકની ફાળવણી કરશે. |
| 25 | શું મેરીટ યાદીમાં શૉર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોને સંશોધન માર્ગદર્શક ફાળવણી તથા Ph.D. કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન માટે કોઈ સ્વયંસિદ્ધ અધિકાર મળે છે? | ના. મેરીટ યાદીમાં શૉર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોને યુનિવર્સિટીમાં Ph.D. કાર્યક્રમ માટે સંશોધન માર્ગદર્શકની ફાળવણી કે રજીસ્ટ્રેશનનો કોઈ સ્વયંસિદ્ધ અધિકાર મળતો નથી. આ પ્રક્રિયા બેઠકોની ઉપલબ્ધતા, સંશોધન માર્ગદર્શકની સંમતિ તથા યુનિવર્સિટીમાં ઉપલબ્ધ સંસાધનો પર આધારિત રહેશે. |
| 26 | ઉમેદવાર પ્રવેશ રદ કરે તો ફી પરત કરવાની પ્રક્રિયા શું છે? | પ્રવેશ સમયે ભરવામાં આવેલી ફી UGCની માર્ગદર્શિકાઓ તથા યુનિવર્સિટીના સમયાંતરે અમલમાં રહેલા નિયમો અનુસાર એડજસ્ટ કરવામાં આવશે અથવા પરત કરવામાં આવશે. |
| 27 | સંશોધકને કયા સમયગાળા માટે નિર્ધારિત ફી ભરવી પડશે? | બધા જ Ph.D. સંશોધકોએ Ph.D. થિસિસ સબમિટ કરવાની તારીખ સુધી દર વર્ષે બે ટર્મ માટે નિર્ધારિત ફી ભરવી ફરજિયાત રહેશે. |
| 28 | Ph.D. પ્રોગ્રામની લઘુત્તમ અને મહત્તમ અવધિ કેટલી છે? | Ph.D. પ્રોગ્રામની લઘુત્તમ અવધિ ફુલ-ટાઇમ Ph.D. સંશોધકો માટે ત્રણ (3) વર્ષ અને પાર્ટ-ટાઇમ Ph.D. સંશોધકો માટે ચાર (4) વર્ષ રહેશે, જેમાં કોર્સવર્કનો સમાવેશ થાય છે. Ph.D. પ્રોગ્રામની મહત્તમ અવધિ પ્રવેશ તારીખથી છ (6) વર્ષ રહેશે. |
| 29 | શું Ph.D. કાર્યક્રમ માટે છ (6) વર્ષની મહત્તમ અવધિ બાદ કોઈ વધારાની અવધિ આપવામાં આવે છે? | યુનિવર્સિટીના ઓર્ડિનન્સ મુજબ પુનઃ રજીસ્ટ્રેશન (Re-registration)ની પ્રક્રિયા દ્વારા મહત્તમ વધારાના બે (2) વર્ષ આપવામાં આવી શકે છે. જોકે, Ph.D. પ્રોગ્રામ પૂર્ણ કરવાની કુલ અવધિ પ્રવેશ તારીખથી આઠ (8) વર્ષથી વધુ ન થવી જોઈએ. |
| 30 | શું Ph.D. પ્રોગ્રામમાં રજીસ્ટ્રડ થયેલ મહિલા Ph.D. સંશોધકો તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે છ (6) વર્ષની મહત્તમ અવધિ બાદ વધારાની અવધિ માટે કોઈ વિશેષ જોગવાઈ છે? | હા, મહિલા Ph.D. સંશોધકો તથા 40%થી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને વધારાના બે (2) વર્ષની વિશેષ છૂટછાટ આપવામાં આવી શકે છે. જોકે, આવા કિસ્સાઓમાં પણ Ph.D. પ્રોગ્રામ પૂર્ણ કરવાની કુલ અવધિ પ્રવેશ તારીખથી દસ (10) વર્ષથી વધુ ન હોવી જોઈએ. |

| | | |
|---|---|---|
| 31 | શું Ph.D. પ્રોગ્રામની છ (6) વર્ષની મહત્તમ અવધિ બાદ મળતી વધારાની અવધિ દરમિયાન ઉમેદવારે ટર્મ ફી ભરવી પડશે? | હા, Ph.D. પ્રોગ્રામની વધારાની અવધિ દરમિયાન ઉમેદવારે Ph.D. થિસિસ સબમિટ કરવાની તારીખ સુધી ટર્મ ફી ભરવી ફરજિયાત રહેશે. |
| 32 | શું મહિલા Ph.D. સંશોધકો માટે માતૃત્વ રજા / ચાઈલ્ડ કેર રજાની કોઈ જોગવાઈ છે? | મહિલા Ph.D. સંશોધકોને સમગ્ર Ph.D. પ્રોગ્રામની અવધિ દરમિયાન મહત્તમ 240 દિવસ સુધી માતૃત્વ રજા / ચાઈલ્ડ કેર રજા આપવામાં આવી શકે છે. |
| 33 | ફુલ-ટાઇમ Ph.D. પ્રોગ્રામ શું છે? | ફુલ-ટાઇમ સંશોધકોએ સમગ્ર Ph.D. કાર્યક્રમની અવધિ દરમિયાન તેમના સંબંધિત વિભાગોમાં અથવા સંશોધન માર્ગદર્શક/યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ કાર્યસ્થળે નિયમિત રીતે કાર્ય કરવાનું હોય છે. |
| 34 | પાર્ટ-ટાઇમ Ph.D. પ્રોગ્રામ શું છે? | આ કેટેગરી એવા સંશોધકો માટે છે, જેઓ નોકરીની સાથે સાથે Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ લે છે. નોકરીમાં રહેલા ઉમેદવારોએ અરજી સાથે તેમની સંસ્થાના વડા/નિમણુક આપનાર તરફથી "No Objection Certificate (NOC)" રજૂ કરવું ફરજિયાત છે. |
| 35 | શું પાર્ટ-ટાઇમ Ph.D. સંશોધક ફંડિંગ એજન્સી પાસેથી ફેલોશિપ મેળવી શકે છે? | જે સંશોધક UGC/ICSSR, ઉધોગ (Industry) અથવા અન્ય કોઈ ફંડિંગ એજન્સી, અથવા CRUની JRF–SRF હેઠળ નિયમિત/માસિક સહાય, સ્કોલરશિપ અથવા ફેલોશિપ મેળવવા ઈચ્છે છે, તેઓએ ફુલ-ટાઇમ સંશોધક તરીકે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.<br>પાર્ટ-ટાઇમ સંશોધક જો સંબંધિત આર્થિક સહાયના માપદંડો પૂર્ણ કરતા હોય તો રાજ્ય અથવા કેન્દ્ર સરકારની એજન્સી પાસેથી સહાય મેળવી શકે છે. |
| 36 | ફુલ-ટાઇમ Ph.D. વિદ્યાર્થીઓ માટે હાજરી અને રજા સંબંધિત નિયમો શું છે? | ફુલ-ટાઇમ Ph.D. વિદ્યાર્થીઓ માટે હાજરી અને રજા સંબંધિત નિયમો (તેઓ ફેલોશિપ મેળવે છે કે ન મેળવે) સંબંધિત ફંડિંગ એજન્સીના નિયમો અથવા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની SHODH ફેલોશિપના જે તે સમયના નિયમો મુજબ લાગુ પડશે. હાજરી અને રજા અંગેની વિગત યુનિવર્સિટીની વેબસાઇટના Program → Research Program (Ph.D.) વિભાગમાં ઉપલબ્ધ છે. |
| 37 | શું પાર્ટ-ટાઇમ Ph.D. પ્રોગ્રામમાંથી ફુલ-ટાઇમ Ph.D. પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન ટ્રાન્સફર કરવાની કોઈ જોગવાઈ છે? | પાર્ટ-ટાઇમ પ્રોગ્રામમાં પ્રવેશ લીધેલ સંશોધકને રજીસ્ટ્રેશનની તારીખથી એક વર્ષ પૂર્ણ થવા પહેલાં, RQAC ની ભલામણ અને માનનીય કુલપતિશ્રીની મંજૂરી સાથે પોતાનું રજીસ્ટ્રેશન પાર્ટ-ટાઇમ પ્રોગ્રામમાંથી ફુલ-ટાઇમ પ્રોગ્રામમાં ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવી શકે છે. |
| 38 | શું ફુલ-ટાઇમ Ph.D. પ્રોગ્રામમાંથી પાર્ટ-ટાઇમ Ph.D. પ્રોગ્રામમાં ટ્રાન્સફર કરવાની કોઈ જોગવાઈ છે? | ફુલ-ટાઇમ પ્રોગ્રામમાં પ્રવેશ લીધેલ સંશોધકને Ph.D. કાર્યક્રમની સમગ્ર અવધિ દરમિયાન માત્ર એક વખત, માનનીય કુલપતિશ્રીની મંજૂરી સાથે પોતાનું રજીસ્ટ્રેશન ફુલ-ટાઇમ પ્રોગ્રામમાંથી પાર્ટ-ટાઇમ પ્રોગ્રામમાં ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવી શકે છે. |

| | | |
|---|---|---|
| 39 | શું ફુલ-ટાઇમમાંથી પાર્ટ-ટાઇમ Ph.D. પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન બદલતી વખતે વિદ્યાર્થીએ ફેલોશિપની રકમ પરત આપવી પડશે? | હા, ફુલ-ટાઇમ Ph.D. સંશોધક તરીકે ફંડિંગ એજન્સી પાસેથી આર્થિક સહાય પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓએ સંબંધિત ફંડિંગ એજન્સીના નિયમો અને નિયમાવલીઓ અનુસાર સ્કોલરશિપ/ફેલોશિપની રકમ પરત આપવી ફરજિયાત રહેશે. સંશોધક દ્વારા સંબંધિત ફંડિંગ એજન્સીને રકમ પરત આપ્યા બાદ જ રજીસ્ટ્રેશન બદલવાની અરજી પર વિચારણા કરવામાં આવશે. |
| 40 | શું Ph.D. કોર્સવર્ક તમામ વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે? | હા, Ph.D. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવનારા તમામ ઉમેદવારો(M.Phil. ઉમેદવારો સહિત) એ યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કોર્સવર્ક પૂર્ણ કરવું ફરજિયાત છે. |
| 41 | શું Ph.D. કોર્સવર્ક પૂર્ણ કરવા માટે કોઈ પરીક્ષા હોય છે? | હા, Ph.D. સંશોધકે Ph.D. પ્રોગ્રામ આગળ ચાલુ રાખવા અને Ph.D. થિસિસ સબમિટ કરવા માટે કોર્સવર્કમાં UGCના 7-પોઈન્ટ ગ્રેડ સ્કેલ મુજબ ઓછામાં ઓછા 55% ગુણ અથવા તેના સમકક્ષ ગ્રેડ અથવા જ્યાં પોઈન્ટ સ્કેલ/CGPA પ્રણાલી અમલમાં હોય ત્યાં તેનો સમકક્ષ ગ્રેડ/CGPA) મેળવવો ફરજિયાત છે. દરેક વિષય/પેપર માટે પાસ થવાનો માપદંડ 50% ગુણ રહેશે. |
| 42 | કોર્સવર્કમાં નિષ્ફળ થયેલા વિદ્યાર્થીઓ માટેની પ્રક્રિયા શું છે? | જે વિદ્યાર્થીઓ લઘુત્તમ પાસિંગ ગુણ મેળવવામાં નિષ્ફળ જાય છે, તેમને આગામી ટર્મમાં ફરીથી તે પરીક્ષા આપવી પડશે અથવા યુનિવર્સિટી દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે. |
| 43 | શું Ph.D. કોર્સવર્ક માટે ઑનલાઇન જોડાવાની કોઈ જોગવાઈ છે? | સામાન્ય રીતે યુનિવર્સિટી દ્વારા Ph.D. કોર્સવર્ક માટે ઓફલાઇન (કૅમ્પસ પર) વર્ગો આયોજિત કરવામાં આવે છે. ઑફલાઇન વર્ગો દરમિયાન સંશોધકે કોર્સવર્કની અવધિ દરમિયાન કૅમ્પસ પર હાજર રહેવું ફરજિયાત છે. |
| 44 | RAC શું છે? | Research Advisory Committee (RAC) ત્રણ સભ્યોની સમિતિ હોય છે, જેમાં બીજી યુનિવર્સિટી/સંસ્થાના બે વિષય નિષ્ણાતો તથા સંશોધકના સંશોધન માર્ગદર્શકનો સમાવેશ થાય છે. |
| 45 | Ph.D. પ્રોગ્રામમાં RACની ભૂમિકા શું છે? | RACની મુખ્ય કામગીરીમાં સંશોધન પ્રસ્તાવની સમીક્ષા કરવી, સંશોધકને સંશોધનની અભ્યાસ ડિઝાઇન અને પદ્ધતિ વિકસાવવામાં માર્ગદર્શન આપવું, તેમજ સંશોધન કાર્યની પ્રગતિનું સમયાંતરે મૂલ્યાંકન કરી જરૂરી સહાય અને માર્ગદર્શન પ્રદાન કરવાનો સમાવેશ થાય છે. |
| 46 | સંશોધકને RAC સમક્ષ ક્યારે ઉપસ્થિત થવું પડે છે? | સંશોધકે પોતાની સંશોધન કામગીરીની પ્રગતિ અંગેના મૂલ્યાંકન અને આગળના માર્ગદર્શન માટે દર છ (6) મહિને એકવાર Research Advisory Committee (RAC) સમક્ષ ઉપસ્થિત થવું ફરજિયાત છે. |
| 47 | નક્કી કરેલી RAC મીટીંગની તારીખે સંશોધક હાજર ન રહે તો શું થાય છે? | Regular RAC મીટીંગમાં ગેરહાજર રહેલો સંશોધક ટર્મ ફી ભરવા પાત્ર રહેશે નહીં, કારણ કે RAC સમક્ષ હાજર ન રહેવાના કારણે RAC સભ્યો દ્વારા આગળની કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવતી નથી. |

| | | |
|---|---|---|
| | | જો કે, અગાઉની નિયમિત RAC મીટીંગમાં ગેરહાજર રહેલો સંશોધક જો આગામી નિયમિત RAC મીટીંગમાં હાજર રહે અને RAC દ્વારા આગળની કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવે, તો તે સંશોધક દંડનીય રકમ સાથે ટર્મ ફી જમા કરાવી શકે છે. |
| 48 | જો સંશોધક સતત બે વખત Regular RAC મીટીંગમાં ગેરહાજર રહે તો શું થાય ? | સતત બે વખત Regular RAC મીટીંગમાં ગેરહાજર રહેલા સંશોધકો જો આગામી Regular RACમીટીંગમાં હાજર રહે અને RAC દ્વારા આગળની કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવે, તો તેઓ દંડનીય રકમ સાથે ટર્મ ફી જમા કરાવી શકે છે. |
| 49 | જો સંશોધક સતત ત્રણ વખત Regular RAC મીટીંગમાં ગેરહાજર રહે તો શું થાય ? | જો કોઈ સંશોધક સતત વખત ત્રણ Regular RAC મીટીંગમાં ગેરહાજર રહે અથવા સતત બે ટર્મ સુધી ટર્મ ફી ચૂકવે નહીં, તો તેનો Ph.D. પ્રવેશ/રજીસ્ટ્રેશન RQAC દ્વારા રદ કરવામાં આવશે અને આવા સંશોધકનું પુનઃ રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહીં. |
| 50 | જો સંશોધક Regular RAC બેઠકમાં હાજર રહ્યો હોય પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં (લેટ ફીના સમયગાળા સહિત) ટર્મ ફી ન ભરે તો શું થાય છે? | Regular RAC બેઠકમાં હાજર રહેલો પરંતુ નિર્ધારિત સમયમર્યાદામાં (લેટ ફીના સમયગાળા સહિત) ટર્મ ફી ન ભરનાર સંશોધક, આગામી Regular RAC બેઠકમાં હાજર રહીને દંડનીય રકમ સાથે ટર્મ ફી જમા કરાવી શકે છે. |
| 51 | શું RAC સમક્ષ ઑનલાઇન હાજર રહેવાની કોઇ જોગવાઈ છે? | RACની દરેક મીટીંગમાં સંશોધકે સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેવું ફરજિયાત છે. પરંતુ અનિવાર્ય પરિસ્થિતિમાં, માનનીય કુલપતિશ્રીની પૂર્વ મંજૂરી સાથે સંશોધક RAC બેઠકમાં ઑનલાઇન જોડાઈ શકે છે.<br>આ માટે સંશોધકે યોગ્ય કારણ દર્શાવીને Department of Research Program ના વડાને RAC મીટીંગના ત્રણ કાર્યદિવસ પહેલા અરજી કરવી ફરજિયાત છે. પૂર્વ મંજૂરી લીધા વગર ઑનલાઇન હાજર રહેવાની કોઈ મંજૂરી આપવામાં આવશે નહીં. Ph.D. પ્રોગ્રામની સમગ્ર અવધિ દરમિયાન ફુલ-ટાઇમ સંશોધકોને મહત્તમ બે (2) વખત અને પાર્ટ-ટાઇમ સંશોધકોને મહત્તમ ત્રણ (3) વખત જ RAC મીટીંગમાં ઑનલાઇન હાજર રહેવાની મંજૂરી આપવામાં આવશે. |
| 52 | શું ગેરહાજર રહેલા સંશોધકો માટે RAC મીટીંગ ફરીથી ગોઠવવાની કોઇ જોગવાઈ છે? | ના |
| 53 | શું Ph.D. થિસિસનું શીર્ષક ફાઇનલ થયા પછી બદલાવી શકાય છે? | જો જરૂરી હોય તો Ph.D. રજીસ્ટ્રેશનની તારીખથી એક વર્ષની અંદર Ph.D. થિસિસના શીર્ષકમાં ફેરફાર કરવાની મંજૂરી આપી શકાય છે. આવા શીર્ષક ફેરફાર માટે RAC દ્વારા ભલામણ કરવી પડશે અને તેને RQAC દ્વારા મંજૂરી આપવી પડશે. એક વર્ષ પછી શીર્ષક ફેરફારની કોઇ પણ પ્રકારની મંજૂરી આપવામાં આવશે નહીં. |

| | | |
|---|---|---|
| 54 | શું સંશોધકને માર્ગદર્શક ફાળવાયા પછી માર્ગદર્શક બદલી શકાય છે? | યુનિવર્સિટી દ્વારા વિશેષ પરિસ્થિતિઓમાં, સંબંધિત વિષયની RQAC ની ભલામણ અને માનનીય કુલપતિશ્રીની મંજૂરી સાથે સંશોધન માર્ગદર્શકમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે |
| 55 | કયા સંજોગોમાં Ph.D. રજીસ્ટ્રેશન રદ કરવામાં આવી શકે છે? | સંશોધક દ્વારા ખોટી માહિતી આપવામાં આવી હોય, સતત બે ટર્મ સુધી ફી ન ભરવામાં આવી હોય, યુનિવર્સિટીના ઓર્ડિનન્સ તથા નિયમોનું પાલન ન કરવામાં આવ્યું હોય, અથવા ઉમેદવારના પોતાના દ્વારા Ph.D. રજીસ્ટ્રેશન રદ કરવાની અરજી કરવામાં આવી હોય, તો આવી પરિસ્થિતિઓમાં Ph.D. રજીસ્ટ્રેશન રદ કરવામાં આવે છે. |
| 56 | Ph.D. થિસિસની સિનોપ્સીસ ક્યારે સબમિટ કરી શકાય છે? | ફુલ-ટાઇમ Ph.D. સંશોધક રજીસ્ટ્રેશનની તારીખથી 30 મહિના બાદ અને પાર્ટ-ટાઇમ Ph.D. સંશોધક રજીસ્ટ્રેશનની તારીખથી 42 મહિના બાદ Ph.D. થિસિસની સિનોપ્સીસ સબમિટ કરી શકે છે. |
| 57 | Ph.D.ની સંપૂર્ણ થિસિસ ક્યારે સબમિટ કરી શકાય છે? | ફુલ-ટાઇમ Ph.D. સંશોધક રજીસ્ટ્રેશનની તારીખથી 36 મહિના બાદ અને પાર્ટ-ટાઇમ Ph.D. સંશોધક રજીસ્ટ્રેશનની તારીખથી 48 મહિના બાદ પૂર્ણ થિસિસ સબમિટ કરી શકે છે. |
| 58 | થિસિસ પ્રી-સબમિશન સેમિનાર ક્યારે આયોજન કરવામાં આવે છે? | ફુલ-ટાઇમ સંશોધકો માટે ન્યૂનતમ 3 વર્ષ અને પાર્ટ-ટાઇમ સંશોધકો માટે ન્યૂનતમ 4 વર્ષ પૂર્ણ કર્યા બાદ થિસિસ પ્રી-સબમિશન સેમિનાર આયોજન કરી શકાય છે. આ સેમિનાર પૂર્ણ થિસિસ સબમિટ કર્યા બાદ અને સંશોધક દ્વારા તમામ નિયમો અને નિયમાવલીઓનું પાલન કરવામાં આવ્યા બાદ જ આયોજિત કરવામાં આવશે. |
| 59 | થીસીસ પ્રી-સબમિશન સેમિનારમાં સંશોધકે શું કરવાનું હોય છે ? | સંશોધકે પોતાની Ph.D. થિસિસનું કાર્ય "પ્રી-સબમિશન સેમિનાર" માં રજૂ કરવાનું હોય છે. થિસિસ સબમિટ કરતા પહેલાં સંશોધકે Research Advisory Committee (RAC) સમક્ષ રજૂઆત કરવી ફરજિયાત છે. આ સેમિનાર તમામ ફેકલ્ટી સભ્યો અને અન્ય સંશોધકો માટે પણ ખુલ્લો રહેશે. સેમિનાર દરમિયાન પ્રાપ્ત થતા પ્રતિભાવ અને સૂચનોને RAC ની સલાહ અનુસાર થિસિસના ડ્રાફ્ટમાં યોગ્ય રીતે સામેલ કરવાના હોય છે. |
| 60 | Ph.D. થિસિસમાં સાહિત્યિક ચોરી (Plagiarism) તપાસવાની પ્રક્રિયા શું છે? | યુનિવર્સિટી દ્વારા સાહિત્યિક ચોરી (Plagiarism) તથા અન્ય પ્રકારની શૈક્ષણિક અપ્રમાણિકતા (Academic Dishonesty) શોધવા માટે INFLIBNET દ્વારા સમયાંતરે પૂરી પાડવામાં આવતી સેવાઓ હેઠળનું સુવ્યવસ્થિત અને વિકસિત સોફ્ટવેર તથા સાધનો ઉપયોગમાં લેવામાં આવે છે.<br>મૂલ્યાંકન માટે થિસિસ સબમિટ કરતી વખતે સંશોધકે પોતાની તરફથી એક બાહેધરી પત્રક (Undertaking) રજૂ કરવું ફરજિયાત છે, તેમજ સંશોધન માર્ગદર્શક તરફથી કાર્યની મૌલિકતા પ્રમાણિત કરતું પ્રમાણપત્ર રજૂ કરવું પડશે. આ પ્રમાણપત્રમાં એ બાબતની ખાતરી આપવામાં આવે છે કે થિસિસમાં કોઈ પ્લેગીયારિઝ્મ નથી અને આ કાર્ય તે જ સંસ્થામાં કે અન્ય કોઈ સંસ્થામાં કોઈ અન્ય ડિગ્રી/ડિપ્લોમા માટે અગાઉ સબમિટ કરવામાં આવેલ નથી. |

| | | |
|---|---|---|
| 61 | સંશોધક કઈ ભાષામાં થિસિસ તૈયાર કરી શકે છે? | વિજ્ઞાન વિષયના સંશોધકો સિવાય, સંશોધક પોતાની Ph.D. થિસિસ ગુજરાતી / હિન્દી / અંગ્રેજી / સંસ્કૃત ભાષામાં તૈયાર કરી શકે છે.<br>જો થિસિસ કોઈ અન્ય ભાષામાં સબમિટ કરવામાં આવે, તો ઉમેદવારે તેની સિનોપ્સીસની અંગ્રેજીમાં અનુવાદિત નકલ ફરજિયાત રીતે સબમિટ કરવી પડશે. |
| 62 | Ph.D. થિસિસના મૂલ્યાંકન માટે કેટલો સમય લાગે છે? | સામાન્ય રીતે Ph.D. થિસિસ સબમિટ કરવાની તારીખથી મૂલ્યાંકન પ્રક્રિયા માટે ઓછામાં ઓછા ત્રણથી ચાર મહિના અને વધુમાં વધુ છ મહિનાનો સમય લાગે છે. |
| 63 | સંશોધન કાર્ય દરમિયાન સંશોધક અને સંશોધન માર્ગદર્શક વચ્ચે ઉદ્દભવતા મતભેદો અથવા વિવાદો ઉકેલવા માટેની વ્યવસ્થા શું છે? | સંશોધન કાર્ય દરમિયાન કોઈ પણ સમયે સંશોધક અને સંશોધન માર્ગદર્શક વચ્ચે મતભેદો અથવા વિવાદ ઊભા થાય તો, તે બાબતમાં Research Quality Assurance Committee (RQAC)નો નિર્ણય સંશોધક તથા સંશોધન માર્ગદર્શક બંને માટે અંતિમ અને બંધનકર્તા રહેશે. |

Children's Research University
Every Child matters
सत्यम् ऋतम् बृहत्

CHILDREN'S RESEARCH UNIVERSITY,
NEAR JALARAM TEMPLE, OPP. PUBLIC GARDEN,
SECTOR 29, GANDHINAGAR, GUJARAT - 382030

+91 - 79 - 23244576/23244569
CONTACT@CUGUJARAT.AC.IN